મોડાસામાં આઝાદી કા અમૃત મહોત્સવમાં ૮૦ સીનીયર સિટીજનોએ ભાગ લીધો

આઝાદી કા અમૃત મહોત્સવ-અરવલ્લી જિલ્લા રમતગમત અધિકારી દ્વારા યોજાયો. જેમાં ૮૦ સીનીયર સિટીજનોએ ભાગ લઈ યુવાનોને શરમાવે તેવો તરવરાટ જોવા મળ્યો. જિલ્લાકક્ષાની સ્પર્ધામાં વિજેતા બનેલા ખેલાડીઓ રાજ્યકક્ષાએ રમવા જશે. જિલ્લા રમત-ગમત અધિકારી હર્ષાબેન ઠાકોરે આપેલી વિગત અનુસાર આઝાદી કા અમૃત મહોત્સવ હેઠળ મોડાસાની કે.એન. શાહ હાઈસ્કૂલમાં ગુરૂવારે સિનીયર સીટીજનો માટે સ્પર્ધા યોજવામાં આવી. કાર્યક્રમ ધારણા કરતાં વધુ સફળ રહ્યો. સિનીયર સિટીજનોએ રસ્સાખેંચ, કેરમ, એથ્લેટીક્સ અને ચેસમાં ઉત્તમ દેખાવ કરી સ્પર્ધાને રોમાંચક બનાવી હતી. કાર્યક્રમમાં મોડાસા કેળવણી મંડળના પ્રમુખ બિપીનભાઈ શાહ, સંલગ્ન સંસ્થાના આચાર્ય, સિનીયર કોચ વગેરે હાજર રહ્યા હતા.

કોરોનાનો હાઉ ઓછો થશે

સાબરકાંઠા-અરવલ્લીમાં રોશનીના ઝગમગાટ વચ્ચે શેરી ગરબા સાથે નવરાત્રીનો પ્રારંભ

માતાજીની આરતી અને કોરોના મૃતકોને શ્રદ્ધાંજલી આપી પ્રથમ નોરતું સાદગીથી સંપન્ન : આવતીકાલથી નવરાત્રીની રંગત જામશે

બાયડ, તા. ૭

કોરોનાના હાઉને ભુલાવવા સરકાર દ્વારા નવરાત્રી આયોજનમાં



માત્ર ૪૦૦ વ્યક્તિઓની ઉપસ્થિતિમાં શેરી ગરબાની છૂટ અપાતાં ગુરૂવારે સમી સાંજથી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં નવરાત્રી માહોલ જામ્યો. માતાજીની આરતી અને ત્યારબાદ કોરોના મૃતકોને શ્રદ્ધાંજલી આપી પ્રથમ નોરતુ સાદગીથી સંપન્ન થયુ. પ્રથમ દિવસે જીવાતના ઉપદ્રવથી આયોજકો અને ઉપસ્થિત લોકો પરેશાન જોવા મળ્યા. આવતીકાલ બીજા નોરતાથી નવરાત્રીની રંગત જામશે.

કોરોનાને હરાવવા સરકાર-આરોગ્ય વિભાગ દ્વારા કોરોના વેક્સીનેશન અભિયાન વેગવંતુ બનાવ્યુ છે. પરંતુ અનેક લોકોની ઉદાસીનતા ફરીવાર આફત નોતરી શકે છે. આસ્થા, શ્રદ્ધા ઉમંગ સાથે ગુરૂવારથી નવલા નોરતાનો પ્રારંભ થયો. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના તમામ નવરાત્રી સ્થળો અંધારૂ થતાં જ રોશનીથી ઝગમગાટ થયા અને નિત્ય સમય પ્રમાણે પ્રથમ નોરતાની આરતી સાથે જ શ્રદ્ધા-ભક્તિસભર માહોલ જોવા મળ્યો. અનેક શેરી વિસ્તારમાં કોરોનાથી મિત્રો-સ્વજનો ગુમાવ્યાનુ દુઃખ નવરાત્રી આયોજકોમાં જોવા મળ્યુ. દિવંગતોને શ્રદ્ધાંજલી આપી પ્રથમ નોરતું રાસ-ગરબા વગર અનેક સ્થળે પુરૂ કરવામાં આવ્યુ હતુ. નવરાત્રીનું આયોજન થતાં સંલગ્ન ધંધાઓને નવો વેગ મળશે જ્યારે હવે ખરીફ પાક તૈયાર થવાની તૈયારીમાં છે ત્યારે દશેરા પછી બજારોમાં નવી રોનક જોવા મળી શકે છે.

નવરાત્રી સમયે જ પરીક્ષાના આયોજનથી વિદ્યાર્થીઓ નિરાશ

જિલ્લામાં નવરાત્રી પછી એકમ કસોટીના આયોજન : વાલીઓ-વિદ્યાર્થીઓમાં ક્યાંક નારાજગી દેખાઈ

બાયડ, તા. ૮

જિલ્લામાં ગુરૂવારથી નવરાત્રી પર્વ શરૂ થયુ છે. ૧૯ મહિના પછી કોઈ જાહેરમાં ૪૦૦ લોકોની ઉપસ્થિતિ વચ્ચે ઉત્સવ યોજાઈ રહ્યો છે. ત્યારે નવરાત્રી પછી તુરત તા. ૧૮ ઓક્ટોબરથી પરીક્ષા શરૂ થઈ રહી છે. જેથી વિદ્યાર્થીઓ નવરાત્રી પર્વની પણ ઉત્સાહથી ભાગ લઈ નહી શકે અને વિદ્યાર્થીઓમાં નિરાશા જોવા મળી છે.

દર વર્ષે નવરાત્રી પર્વ દરમ્યાન પરીક્ષાના આયોજન થતા હોવાથી છાત્રોમાં કચવાટ જોવા મળે છે. આ વર્ષ પણ ફરી એકવાર નવરાત્રી પૂર્ણ થયા પછી પરીક્ષાનું આયોજન કરાયુ છે. છેલ્લા ૧૮ મહીનાથી હોમલર્નીંગ ઓનલાઈન શિક્ષણથી વિદ્યાર્થીઓ વિચલીત થયા ત્યારબાદ ધો. ૯ થી ૧૨માં જુલાઈ મહીનાથી ઓફલાઈન શિક્ષણ શરૂ થયુ અને નવરાત્રી યોજવા સરકારે લીલી ઝંડી આપતાં છાત્રો મલકાયા પરંતુ તે પહેલાં જ પરીક્ષા યોજવાનું ટાઈમ ટેબલ જાહેર કરતાં વિદ્યાર્થીઓને કારકિર્દી ઉપર ધ્યાન આપવુ કે પછી નવરાત્રી ઉત્સવ માણવો જેવી અવઢવ જોવા મળી રહી છે.

કેટલીક શાળાઓમાં સતત અભ્યાસમય રહેલા વિદ્યાર્થીઓ માનસિક પ્રફુલ્લિત બને તે માટે નવરાત્રી પર્વના આયોજન કરાયાં છે. ટૂંકમાં શિક્ષણ વિભાગે દર વર્ષે નવરાત્રી સમયે જ યોજાતી પરીક્ષામાં હવે ફેરફાર કરવા જોઈએ.

સાબરકાંઠા બેંકના ડિરેક્ટર પંકજભાઈ પટેલની પેનલ બીનહરીફ

બાયડ, તા. ૮

તાજેતરમાં વિજયનગર તાલુકાની એ.પી.એમ.સી.ની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાયેલ જેમાં તમામ વિભાગો જેવા કે ખેડૂત, વેપારી, સંઘમાં પંકજભાઈ પટેલની પેનલ બીન હરીફ થયેલ છે. જેનાથી સમગ્ર તાલુકામાં ચૂંટણી ટાળવાનો નવો ચીલો ચીતરાયાની ખુશી છે.

જિલ્લામાં નવરાત્રી પર્વમાં પૂજાપાની માંગમાં વધારો

શ્રીફળ, ચૂંદડી, ધૂપ, અગરબત્તીનું વેચાણ વધ્યું

સરડોઈ, તા. ૮

નવરાત્રિના આરંભ સાથે બજારોમાં પુજાપાની માંગમાં પ્રથમ દિવસથી વધારો થયો છે.જિલ્લામાં

શ્રીફળ, ચૂંદડી, ધૂપ અને અગરબત્તી ની માંગમાં વધારો થયો છે. બન્ને જિલ્લાના તાલુકા મથકની પુજાપા ની દુકાનો ગ્રાહકોથી ઉભરાઈ રહી છે.

જિલ્લામાં ગત વર્ષે કોરોના ના કારણે તહેવારોની ઉજવણી ઉપર રોજ લાગી હતી.સૌથી મહત્વના તહેવાર નવરાત્રીની ઉજવણી ને ગ્રહણ લાગ્યું હતું પણ આ વખતે સંક્રમણ ઓછું થતાં સરકારે નવરાત્રિના આયોજનોને ખાસ ગાઈડલાઈન સાથે મંજૂરી આપતાં ખેલૈયા ઉત્સાહમાં દેખાઈ રહ્યા છે.પ્રથમ દિવસથી બજારોમાં નવી રોનક જોવા મળે છે જેમાં ખાસ કરીને પૂજાપો વેચનાર વેપારીઓ ને પ્રથમ નોરતાથી કમાણીનો તડાકો પડયો છે.જિલ્લામાં સવાર સાંજ નવરાત્રી સ્થળોએ સ્થાપિત ઘટ ની પૂજા અર્ચના થતી હોવા ઉપરાંત માઈ ભક્તો પણ ખાસ પૂજા સાથે માં નવદુર્ગાનું પૂજન કરતા હોવાથી તમામ પ્રકારના પુજાપાની માંગમાં વધારો થયો છે.આ સાથે ફૂલ તેમજ પ્રસાદ માટે મીઠાઈ ની માંગ પણ વધી છે જેથી શ્રાવણ ના તહેવારો બાદ શુષ્ક જણાતા બજારો ખરીદદારોથી ધમધમતા થયા છે.નવરાત્રિના આરંભ સાથે પૂજાપા બજારમાં ખાસ કરીને સુગંધિત ગૂગળ,લોબાન અને બત્રીસા ધૂપ તેમજ અગરબત્તી નું વધુ વેચાણ થઈ રહ્યું છે.

ઉત્તર ગુજરાતમાં ટ્રાન્સપોર્ટના ધંધામાં ખર્ચો વધ્યો, નફો ઘટ્યો

ડીઝલના ભાવવધારાથી ધંધાની કમરતૂટી

બાયડ,(બ્યુરો ઓફીસ) તા.૮

ઉત્તરગુજરા માં ડીઝલના સતત વધતા

ભાવોથી ટ્રાન્સપોર્ટ ના ધંધા ને ફટકો પડ્યો છે.ખર્ચો વધ્યો તેની સામે નફો સાવઘટી જતાં ટ્રક માલિકો મુશ્કેલીમાં મુકાયા છે.૯૫ ટકા ખર્ચ સામે માંડ ૫ ટકા નફો મળતો હોય અનેક લોકો એ ટ્રકો વેચવા માંડી છે.

ઈંધણ ના ભાવ વધારાની સાઈડ ઈફેક્ટ અન્ય આવશ્યક ચીજવસ્તુ ઓ ના ભાવ ઉપર થઈ રહી છે.ડીઝલના ભાવથી ટ્રાન્સપોર્ટ વ્યવસાય હચમચી ગયો છે.ઉતર ગુજરાતમાં ટ્રક માલિકોને લાંબા રૂટના ભાડા નો માલ ભરવામાં અનેક મુશ્કેલી પડતી હોય અને વધારામાં પુરૂ ડીઝલ નો ભાવવધારો થઈ રહ્યો છે.જેના કારણે ટ્રાન્સપોર્ટ ના વ્યવસાય માં નફો સાવ ઓછો થઈ ગયો છે.અગાઉ ટ્રક ની ચેચિસ,બોડી,ટાયર સહિતના ભાવમાં વધારો થયેલો છે ત્યાં હવે ડીઝલના ભાવ વધારાએ ટ્રાન્સપોર્ટ ના ધંધાને વધુ ફટકો આપ્યો છે.

એક તરફ લાંબા રૂટના ભાડાં ઘટી ગયા છે.દિલ્હી,મુંબઈ ની મંડીઓ માં ટ્રકો ગયા પછી માલ મળતો નથી.ભાડાં માટે ચાર થી પાંચ દિવસ સુધી ટ્રકો થોભે ત્યારે માંડ સારૂ ભાડું મળે છે બાકી તો ખોટ ખાઈ ટ્રકો દોડાવવાનો વારો આવ્યો છે.અનેક ટ્રાન્સપોર્ટ સંચાલકોએ ઈંધણ ના ભાવ વધારાથી ત્રાસી અન્ય ધંધામાં જંપલાવ્યું છે.

સંકુલ સાદરા ખાતે પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે બે દિવસીય દીક્ષારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૮

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા ખાતે બી.એ અને એમ.એ માં પ્રવેશ લીધેલ વિદ્યાર્થીઓ માટે બે દિવસ દીક્ષારંભ કાર્યક્રમ યોજાયો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આયોજન ડૉ. મોતીભાઈ દેવું દ્વારા કરવામાં આવ્યું હતું. દીક્ષારંભના પ્રથમ દિવસે ડૉ. ગાયત્રીદત્ત મહેતાએ, ખાદી, કાંતણનું મહત્વ, ડૉ. દિવ્યેશ ભટ્ટે 'સમૂહજીવન, છાત્રાલય જીવન, પ્રાર્થનાનું મહત્વ', ડૉ. પ્રવીણ દુલેરાએ બૌદ્ધિક રમતો રમાડી હતી. બીજા દિવસે બળદેવભાઈ મોરીએ 'ગૂજરાત વિદ્યાપીઠના ધ્યેયો અને પરિપાટી' વિષય પર ચર્ચા કરી હતી. પ્રોફેસર ડૉ. રાજેન્દ્ર જોષીએ 'પરીક્ષા પદ્ધતિ અને માળખું, ડૉ. કનુભાઈ વસાવાએ 'એકાદશ વ્રતોનું' મહત્વ, તેજસભાઈ ઠાકરે 'વિસ્તરણ શિક્ષણનું મહત્વ' વિષય પર ચર્ચા કરી હતી. દીક્ષારંભના સમાપન સમારોહ ડૉ. રાજેન્દ્ર જોષીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. તેમાં અધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો જણાવ્યા હતાં તેમાં રસીલા, ક્રિયા પ્રજાપતિ, અનિલસિંહ રાજપૂત, એસ્તર, હસ્તી પંડ્યા, વિષ્ણુ, દિવ્યા, સાહિલ, દર્શન, ઋત્વી, પ્રણય, ભવ્યએ બે દિવસ દરમિયાન જે વિષયો પર ચર્ચા કરી હતી.

ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ ૧૧મીએ હિંમતનગરમાં

પ્રદેશ પ્રમુખના હસ્તે પેજ પ્રમુખોને કાર્ડ વિતરણ તથા કાર્યકર્તા સાથે સંવાદ કરશે

૯મી ઓક્ટોબરે હિંમતનગરમાં અંગદાન જાગૃતિ કાર્યક્રમ યોજાશે : સંઘના દીપકભાઈ દેશમુખની હાજરીમાં શહેરની સંસ્થાઓને માર્ગદર્શન આપશે

બાયડ તા.૮

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ અગિયારમી ઓક્ટોબર ના સોમવારના રોજ હિંમતનગરના પ્રવાસે આવી રહ્યા છે જેની વિગત આપતા જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલે જણાવેલ કે આ દિવસે સાંજે પાંચથી સાત બે કલાકના કાર્યક્રમમાં મુખ્ય કાર્યક્રમ હિંમતનગર શહેરના ટાઉનહોલ માં હિંમતનગર શહેર તથા તાલુકાના કાર્યકર્તાઓને પેજ પ્રમુખો ના કાર્ડનું વિતરણ કરાશે તેમજ કાર્યકર્તાઓ સાથે સંવાદ થશે તે પહેલા સાંજે પાંચ વાગ્યે હિંમતનગરમાં પ્રવેશતા મોતીપુરા ગાંધીજી સર્કલ, આંબેડકરજીની પ્રતિમાને પુષ્પાંજલિ, પાંચ બત્તી સુભાષચંદ્ર બોઝની પ્રતિમાને પુષ્પાંજલિ, શહેરના મુખ્ય

ટાવરચોક હનુમાનજી મંદિર પાસે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અને શહેરના વેપારીઓ દ્વારા પણ સ્વાગત થશે સાંજે ૬:૦૦ કલાકે ટાઉનહોલમાં પેજ પ્રમુખો ને કાર્ડ વિતરણનો કાર્યક્રમ રાખેલ છે. આ પહેલા ૯મી ઓકટોબરે શહેરના ટાઉનહોલ માં બપોરે ૩થી ૫ કલાકે અંગદાન જાગૃત નો પણ કાર્યક્રમ રાખેલ છે.

જેમાં શહેરની તમામ સેવાભાવી સંસ્થાઓને આમંત્રણ આપવામાં આવેલ છે જે સંઘના દિલીપભાઈ દેશમુખ માર્ગદર્શન આપશે જેમાં પત્રિકા, પુસ્તિકા વિતરણ પણ થશે સાથે પ્રદેશ ભાજપના પૂર્વ મહામંત્રી કે. સી. પટેલ પણ ઉપસ્થિત રહેશે. આજરોજ હિંમતનગર શહેર અને તાલુકાની યોજાયેલી બેઠકમાં ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, મહામંત્રી વિજયભાઈ પંડ્યા, મહેન્દ્રસિંહ રહેવર, જિલ્લા ઉપપ્રમુખ જયેશભાઈ પટેલ, ખજાનચી જયેશભાઈ શાહ, શહેર પ્રમુખ વાસુદેવ રાવલ, પાલિકા પ્રમુખ યતીનબેન મોદી, મહિલા મોરચાના પ્રમુખ નીલાબેન પટેલ સહિત તમામ સંગઠન, મોરચાના હોદેદારો જોડાયા હતા.

આઝાદી કા અમૃત મહોત્સવ થીમ આધારિત રાષ્ટ્રીયકક્ષાનો સમારોહ કેવડિયા ખાતે યોજાશે

લોહ પુરુષ એવા દેશના પ્રથમ નાયબ વડાપ્રધાન અને અખંડ ભારતના એકીકરણના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી તા. ૩૧મી ઓક્ટોબરે કેવડીયા-નર્મદા ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ થીમ આધારિત રાષ્ટ્રિય એકતા દિવસની રાષ્ટ્રિય કક્ષાની ઉજવણી થનાર છે. આ ઉજવણી માટે થઈ રહેલી તૈયારીઓ અને કામગીરીની સમિક્ષા ભારત સરકારના ગૃહ સચિવ અજય ભલ્લાએ આજે કેવડિયા ખાતે કરી હતી. કેવડિયા સરકીટ હાઉસ ખાતે યોજાયેલ આ સમિક્ષા બેઠકમા કેન્દ્રીય ગૃહ સચિવે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી અંતર્ગત વડાપ્રધાનની ઉપસ્થિતિમા યોજાનાર કાર્યક્રમો સંદર્ભે સવિસ્તૃત ચર્ચા કરી હતી અને આયોજન અંગે જરૂરી સૂચનો કરી માર્ગદર્શન આપ્યુ હતું. વિશ્વની સૌથી ઊંચી સરદાર સાહેબની પ્રતિમા 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી' કેવડિયા ખાતે થનાર આ ઉજવણી અંતર્ગત દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સરદાર સાહેબની પ્રતિમાને શ્રદ્ધાંજલિ આપી રાષ્ટ્રીય એકતા પરેડની સલામી ઝીલશે.